શબ્દ, સ્વર, સુર અને સંગીતસભર સ્મરણાંજલી

નગરના પ્રત્યેક દિવંગત આપણા અંગતની લાગણી સાથે યોજાયેલા અનોખા ભાવસભર કાર્યક્રમનું ગાંધીનગર સાક્ષી બન્યું

તારું નામ એટલે
મારી ભીતરમાં મહેકતું ઉપવન
પતંગિયાની ખુશીનો નજારો
મારી લાગણીઓનું પંખી

જે ગમતીલા પિંજરમાં રહે છે.
એ છે તારું નામ

તારું નામ એટલે મુક્ત ગગનનું ઉડ્ડયન
ને બાહુપાસમાં
બંદી બનાવતી વૃક્ષવેલી...

જાણીતા કવિ અને મિત્ર સાહિત્યકાર દિનેશ દેસાઈની કલમે લખાયેલી આ તાજી તાજી લાઈનોથી મારી વાત શરૂ કરવાનું મન થાય છે. યાદો અને સંસ્મરણ માનવીને નબળો પાડવા નહીં, પરંતુ વધુ તાકાતવર અને મજબૂત બનાવી આગળ વધવાનું બળ બને તો કેવી મજાની વાત બને. સંબંધની માળામાંથી અનંતની યાત્રાએ ચાલી નીકળતા છૂટો પડેલો એ મણકો સંસ્મરણોની યાદોથી ફરી પાછો માળામાં પરોવાનો એક અનોખો અને અદ્‌ભુત પ્રયોગાત્મક કાર્યક્રમ ગાંધીનગરના આંગણે ટાઉનહોલમાં ઉજાગર થયો. આમ પણ ગાંધીનગર આંધીનગરમાંથી સંસ્કૃતિનગર બનવા ભણી ખૂબ ઝડપથી કરવટ લઈ રહ્યું એની ઝાંખીરૂપ આ ભાવસભર કાર્યક્રમ લાગ્યો. મારા, તમારા, પેલાના, તેના સ્વજનના સ્થાને આપણા નગરના સૌ કોઈ, કે જે અનંતની યાત્રાએ ચાલી નીકળ્યા છે, તે આપણા સૌ નગરજનોના સ્વજન છે એવી ભાવના સાથે લાગણીસભર સ્વર્ણાંજલી અર્પવામાં આવી. છેલ્લા એક વર્ષમાં ગાંધીનગરમાં નિધન પામેલા સૌ કોઈ નગરજનોની સ્મૃતિમાં સુર, સ્વર અને સંગીત સાથે અનોખી સ્વર્ણાંજલીના કાર્યક્રમનો ટહુકાર ટાઉનહોલમાં સંભળાયો.

પરમ તેજે તુ લઈ જા
- પુલક ત્રિવેદી

● અનુસંધાન પાન-૭ પર

સર્વેયરોની કચેરી માટે નથી મકાનો કે નથી રેકર્ડ જાળવણી માટેની સુવિધા

ગાંધીનગર, તા. ૧૩

સર્વેયરની જિલ્લાભરના વિવિધ સ્થાનો પર આવેલી ક્ષેત્રીય કચેરીઓને બેસવા માટેની સુવિધા નથી અને જેને પગલે ક્યાંક ગોડાઉનમાં તો ક્યાંક પંચાયતોના એક ખૂણામાં આ કચેરીઓ તેમની કામગીરી કરી રહી છે.

ડિઝીટલ ઈન્ડિયાની વાતો વચ્ચે રિસર્વેની કામગીરી સંપન્ન થયા પછી રેકર્ડની જાળવણી અંગેની સુવિધાઓનો અભાવ એ આ કચેરીની ઓળખ બની ઉભરી રહી છે.

ક્યાંક સર્વેયરને બેસવા માટેની ખુરશી પણ ઉછીની લેવી પડે છે તો ટેબલની વાત તો બહુ દૂરની કહેવાય. આ ઉપરાંત સર્વેયરોની જગ્યાઓ પણ પૂરતી ભરાયેલી નથી. સરકારે તાજેતરમાં સર્વેયરોની ભરતી કર્યા પછી સીધી જ તેમને ફિલ્ડમાં કોઈપણ પ્રકારની તાલિમ આપ્યા સિવાય નિમણુંક અપાયાથી આ કર્મચારીઓને સરકારી રેકર્ડ કેવી રીતે નિભાવવુ તેના પણ પ્રશ્નો ઉભા થયા છે.

સર્વેયરની કચેરીનું રેકર્ડ એ મહત્વનું હોવા છતાં તંત્રની આવી ઉદાસીનતાને લઈ ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં અનેકવિધ પ્રશ્નો ઉભા થવા પામ્યા છે. આ બાબતે આગામી દિવસોમાં કેટલીક પંચાયતોના પદાધિકારીઓ આંદોલન કરવાનું પણ વિચારી રહ્યાનું ચર્ચાઈ રહ્યું છે.

મહાદેવની ઉપાસના - શ્રાવણ મહિનાના અંતિમ દિવસે બ્રહ્મભવન ખાતે મહાદેવની ઉપાસના માટે હોમાત્મક લઘુરૂદ્ર યોજાયો હતો. વેદમંત્રો સાથે બ્રાહ્મણોએ ભોળાનાથને રાજી કરવા યજ્ઞ કર્યો હતો.

...બોલો, ચાર ડૉક્ટર, બે ફાર્મસીસ્ટ અને ત્રણ ઈજનેરી ડિગ્રી ધારકો આજે તલાટી કમ મંત્રી બનશે

જિલ્લામાં આજે ૮૭ યુવાનોને નિમણુંક પત્ર આપવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લામાં આજે ચાર ડૉક્ટરની ડિગ્રી ધરાવતા યુવાનો, બે ફાર્મસીની ડિગ્રી ધરાવતા અને ત્રણ એન્જીનીયરીંગની ડિગ્રી ધરાવતા યુવાનો તલાટી કમ મંત્રી તરીકેની નિમણુંક પામશે.

જિલ્લામાં પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા લેવાયેલ વિવિધ સંવર્ગની પરીક્ષાના પરિણામો જાહેર થયા બાદ આજે આ સફળ થયેલા યુવાનોને નિમણુંક પત્ર આપવાના છે.

સ્ટાફ ટ્રેનીંગ કોલેજ ખાતે ૮૭ જેટલા સફળ ઉમેદવારોને પંચાયત રાજ્ય મંત્રી શ્રી જયંતિભાઈ કવાડિયા અને જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતિ હીનાબેન પટેલના હસ્તે નિણણુંક પત્રો અપાશે.

જિલ્લામાં આમ તો ૪૦૦થી વધુ જગ્યાઓ હાલ જુદા જુદા સંવર્ગની ખાલી છે તેમજ ૨૦૧૭ સુધીમાં વય મર્યાદાને લઈ ખુબ મોટી સંખ્યામાં કર્મચારીઓ નિવૃત્ત થઈ રહ્યા છે ત્યારે સરકારે ભરતી માટે પાંચ વર્ષનું સમયપત્રક બનાવ્યું છે.

ગાંધીનગર જિલ્લામાં આજે ૫૦ તલાટી કમ મંત્રી, ૨૧ મલ્ટી પરપઝ હેલ્થ વર્કર, ૯ જુનિયર ક્લાર્ક અને ૭ ફિમેલ હેલ્થ વર્કરને નિમણુંક પત્ર એનાયત કરવામાં આવનાર છે.

● અનુસંધાન પાન-૭ પર

આજથી ભાજપ ઉમેદવાર પસંદગી પ્રક્રિયા આરંભશે

ગાંધીનગર, તા. ૧૩

રાજ્યમાં મહાપાલીકા બાદ હવે જિલ્લા તાલુકા પંચાયતોની ચૂંટણી માટે ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા ભાજપ દ્વારા આવતીકાલથી શરૂ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યમાં જિલ્લા અને તાલુકા પંચાયતોની ચૂંટણીઓ જાહેર થવાની ઘડીઓ ઘડાઈ રહી છે. આગામી એકાદ સપ્તાહમાં જ ચૂંટણીઓ જાહેર કરવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે. પ્રાત વિગતો મુજબ ઉમેદવારોની પસંદગી માટે સ્થાનિક કાર્યકરોની રજુઆતો સાંભળવા માટે પ્રદેશ નિરીક્ષકોની નિમણુંકો કરી દેવામાં આવી છે. જિલ્લા તાલુકા પંચાયતો માટે ઉમેદવારોની પસંદગી માટે કાર્યકરોની રજુઆતો સાંભળવાની પ્રક્રિયા આવતીકાલથી શરૂ કરવામાં આવનાર છે.

પ્રાપ્ત વિગતો મુજબ પ્રદેશ નિરીક્ષકો સ્થાનિક કાર્યકરો અને તાલુકા જિલ્લાના આગેવાનો સાથે બેઠકો કરીને તેમની રજુઆતો સાંભળશે અને ઉમેદવારોના સંભવીત નામોની યાદી તૈયાર કરશે.

પ્રદેશ નિરીક્ષકો કાર્યકરોની રજુઆતો સાંભળ્યા બાદ સ્થાનિક આગેવાનો દ્વારા સૂચવવામાં આવેલા સંભવિત ઉમેદવારોના નામોની એક પેનલ યાદી તૈયાર કરશે અને ત્યારબાદ પોતાના અહેવાલ સાથે સંભવિત ઉમેદવારોની પેનલ યાદી પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડને સુપરત કરશે.

પ્રાપ્ત વિગતો મુજબ આ મહિનાના અંતમાં પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડની બેઠક મળશે જેમાં ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

બ્રહ્મભટ્ટ બેસણું

અમારા નાનાભાઈ શ્રી રમેશભાઈ એમ. બારોટ (નિવૃત્ત તા.વિ.અધિકારી)નાં ધર્મપત્ની **શ્રીમતી નીરુબેન રમેશભાઈ બારોટ (ચક્ષુદાતા)**નું **તા.૯-૯-૧૫**ને **બુધવાર**ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદ્‌ગતનું **બેસણું તા.૧૫-૯-૧૫**ને **મંગળવાર**ના રોજ નીચેના સ્થળોએ અને સમયે રાખેલ છે.

: મહેસાણા : મહેન્દ્રનગર સોસાયટી, મોઢેરા રોડ, મહેસાણા. સવારે ૮-૦૦ થી ૧૧-૦૦

: ડીસા : શ્યામ બંગ્લોઝ, ભાગ-૨, પાટણ રોડ, ડીસા (બ.કાં.) સાંજે ૪-૦૦ થી ૬-૦૦

જયદેવભાઈ મોહનલાલ બારોટ (લીંચ)
દેવત આર. બારોટ (પુત્ર) (પ્રતિનિધિ, સંદેશ-ડીસા) મો.૯૮૨૫૦ ૩૭૧૨૦
પ્રશાંત આર. બારોટ (પુત્ર) (અક્ષર સેલ્સ-અમદાવાદ)
તથા સમસ્ત મોહનલાલ દમાજી બારોટ પરીવાર (લીંચ)

દહેગામના કલ્યાણજીના મુવાડામાં ૮ ઝાડા-ઉલ્ટીના કેસ નોંધાયા

પાણી-પુરી ખાધા બાદ આ ઝાડા-ઉલ્ટીના કેસો નોંધાયા

ગાંધીનગર, તા. ૧૩

દહેગામ તાલુકાના કલ્યાણજીના મુવાડા ગામે ઝાડા-ઉલ્ટીના ૮ કેસ નોંધાતા આરોગ્ય તંત્ર હરકતમાં આવી ગયું છે.

મળતી વિગતો પ્રમાણે નોંધાયેલા આ ૮ કેસ પૈકીના ૪ કેસને ઈન્ડોર પેશન્ટ તરીકે રખિયાલ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં દાખલ કરી સઘન સારવાર આપવામાં આવી છે.

આરોગ્યતંત્ર દ્વારા તાબડતોબ આ વિસ્તારમાં સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવી છે પરંતુ કોઈ નવા કેસ મળી આવ્યા નથી. તંત્રના સૂત્રો પાસેથી મળતી વિગતો પ્રમાણે આ દર્દીઓએ પાણી-પુરી ખાધી હતી અને તેને લઈ આ ઝાડા-ઉલ્ટીના કેસો બન્યા હોવાનું જણાવ્યું છે.

તંત્રના આ સૂત્રોએ જણાવ્યું છે કે તમામ દર્દીઓની સ્થિતિ સારી છે અને પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ છે. કોઈજ નવા કેસ મળ્યા નથી. ૪ દર્દીઓને દાખલ કરાયા હતા તે પૈકી ૩ ને રજા આપી દેવામાં આવી છે.

ગાંધીનગરમાં ધાર્મિક પ્રવૃત્તિઓનો ધમધમાટ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરમાં આજકાલ ધાર્મિક પ્રવૃત્તિઓ જોરશોરથી ચાલી રહી છે. આજે શ્રાવણ માસના છેલ્લા દિવસે મંદિરોમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. બટુક ભોજન-બ્રાહ્મણ ભોજન સહિતના કાર્યક્રમો યોજાયા હતા. સાથે સાથે જ ગણેશોત્સવ અને સંવત્સરીની ઉજવણીની તૈયારીઓ પણ ચાલી રહી છે.

શ્રાવણના અંતિમ દિવસે આજે બ્રહ્મભવન, ભૂવનેશ્વરી પીઠ મહાદેવ, ત્ર્યંબકેશ્વર મહાદેવ ખાતે લઘુરૂદ્ર યજ્ઞ યોજાયા હતા. જ્યારે અનેક સ્થાનો પર શીવ મહિમ્ન સ્ત્રોતના પાઠ દ્વારા શ્રાવણ માસની ઉજવણી કરાઈ હતી.

શ્રાવણ માસના છેલ્લા દિવસે આજે મંદિરોમાં વહેલી સવારથી જ ભારે ભીડ જોવા મળી હતી. વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન સમગ્ર દિવસ દરમ્યાન થયુ હતુ. શ્રાવણ માસ કરનાર ઘણા પરિવારોએ બટુક ભોજન અને બ્રાહ્મણ ભોજનનું આયોજન કર્યુ હતું. ગાંધીનગરની નજીક આવેલા ધોળેશ્વર મંદિર અને વાસણીયા મહાદેનવ મંદિર ખાતે ભાવિકો ઉમટી પડ્યા હતા. આવતીકાલથી ભાદરવો મહિનો શરૂ થાય છે. તે સાથે જ અંબાજી જતાં પગપાળા યાત્રાસંઘો શરૂ થશે. ગાંધીનગરમાંથી સૌ પ્રથમ લાલ દંડાવાળો સંઘ રપસાર થશે તે પછી એક પછી એક મોટા સંઘો અને યાત્રિકો જય અંબેના નાદ સાથે ગાંધીનગરમાંથી પસાર થશે. સંઘો અને પદયાત્રીઓની સેવા માટે શહેરમાં ઠેર ઠેર સેવા કેન્દ્રો શરૂ થશે. જે માહોલને વધુ ધાર્મિક બનાવશે.

આ સપ્તાહમાં ગણેશોત્સવ અને સંવત્સરીની ઉજવણી પણ થશે. જેની તૈયારીઓ પણ પુરજોશમાં ચાલી રહી છે. શહેરમાં ઠેર ઠેર સાર્વજનિક ગણેશ મહોત્સવની ઉજવણી સાતથી દસ દિવસ દરમ્યાન થશે. હજુ અગામી પંદર દિવસ સુધી ગાંધીનગર શહેર ધાર્મિકતાના રંગમાં રંગાઈ જશે.

(તસવીર : કશ્યપ નિમાવત)

શ્રાવણ માસના વિદાય અને ભાદરવા માસના આગમન સાથે શહેરમાં વિવિધ ધાર્મિક પ્રવૃત્તિઓ યોજાઈ : ગણેશોત્સવ અને સંવત્સરીની ઉજવણી ઉત્સાહભેર થશે

પ્રથમ વાર્ષિક શ્રદ્ધાંજલિ

સ્વ. પ્રવિણકુમાર વિઠ્ઠલરાવ બાલપાંડે
સ્વ. તા. ૧૪/૯/૨૦૧૪

પરિવાર જેનું મંદિર હતું.
સ્નેહ જેની શક્તિ હતી.
પરિશ્રમ જેવું કર્તવ્ય હતું.
પરમાર્થ જેની ભક્તિ હતી.
કર્મ સદા એવા કર્યા કે
સર્વના હૃદયમાં ગુંજ્યા કરે. આપનો પ્રેમાળ સ્વભાવ અમારા માટે પ્રેરણાદાયક રહેશે. પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એ જ પ્રાર્થના....

ભાસ્કર વિઠ્ઠલરાવ બાલપાંડે
મહેન્દ્ર વિઠ્ઠલરાવ બાલપાંડે
કલ્પેશ વિષ્ણુરાવ બાલપાંડે
વિષ્ણુરાવ બાજીરાવ બાલપાંડે
સાહેબરાવ જે. બાલપાંડે
હિતેશ સાહેબરાવ બાલપાંડે
નિર્મલાબેન, રજનીબેન, શોભાબેન, જ્યોતિ, કવિતા, તૃપ્તી, જિંકલ, અંકિતા અને પ્રિયંકા, મીતરાજ, શીવ, ભૂમિ, ભાગ્યેશ, દેવાંશ
તથા સમસ્ત બાલપાંડે પરિવાર

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફ્લાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

પૂજન ડાન્સ એકેડમી
પ્રસ્તુત
સ્પે. નવરાત્રિ બેચ-૨૦૧૫
Admission Open
Contact : પ્રજ્ઞા ગજ્જર
પ્લોટ નં. ૧૧૧૦/૧, સેક્ટર-૨ડી, ગાંધીનગર. મો. ૯૯૦૪૨ ૫૧૬૫૧

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE BATH FITTINGS
DR.FIXIT FOR HEALTHY CONSTRUCTION
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK500 TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com